આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીના ચારેય શિષ્યોના સ્વર્ગવાસ પછી તેમની શિષ્યપરંપરા આગળ વધી શકી ન હતી. આચાર્યશ્રી સંભૂતિવિજય પછી શિષ્યપરંપરાનો વિસ્તાર શ્રી સ્થૂલિભદ્રથી થયો. આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી શ્રુતકેવલી હતા. તેમ જ આગમજ્ઞાનનો ખજાનો હતા. ૪૫ આગમોમાં છેદ આગમોનું મહત્ત્વનું સ્થાન છે. આચારશુદ્ધિ માટે વિભિન્ન પ્રકારનાં પ્રાયશ્ચિત્ત સંબંધી વિધિવિધાન મુખ્યપણે આ સૂત્રોમાં બતાવેલ છે. છેદ નામના પ્રાયશ્ચિત્તના આધારે પ્રાયઃ તેનું નામ છેદસૂત્ર થયેલ છે. (૧) દશા? તસ્કંધ, (૨) બૃહત્કલ્પ, (૩) વ્યવહારશ્રુત, (૪) નિશીથ—આ ચાર છેદસૂત્રોની રચના આચાર્ય ભદ્રબાહુસ્વામીની માનવામાં આવી છે.

આચાર્યશ્રી ભદ્રબાહુ ૪૫ વર્ષ સુધી ગૃહસ્થજીવનમાં રહ્યા. તેમનો ૧૭ વર્ષ સુધી સામાન્ય અવસ્થાનો સાધુપર્યાય હતો અને ૧૪ વર્ષ પર્યંત યુગપ્રધાનપદ વહન કર્યાનો સમય હતો. શ્રુતકેવલી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી વીરનિર્વાણ સં. ૧૭૦માં સ્વર્ગવાસ પામ્યા. ચૌદ પૂર્વની અર્થવાચનાની દૃષ્ટિએ તેમની સાથે શ્રુતકેવલીનો વિચ્છેદ થયો.

## ચરમ ચતુર્દશ પૂર્વધર, કોશાપ્રતિબોધક કામવિજેતા
# આચાર્યપ્રવર શ્રીમદ્ સ્થૂલિભદ્રસૂરિજી મહારાજ

કામવિજેતા આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજીને શ્વેતાંબર પરંપરામાં અત્યંત ગૌરવમય સ્થાન આપવામાં આવે છે. તેઓ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના શાસનના આઠમા પટ્ટધર હતા. દુષ્કાળને કારણે તૂટતી શ્રુતશૃંખલાને સુરક્ષિત રાખવાનું શ્રેય આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજીની સુતીક્ષ્ણ પ્રતિભાને ફાળે જાય છે.

આચાર્ય સ્થૂલિભદ્રસ્વામીના ગુરુ આચાર્ય સંભૂતિવિજય હતા. મુનિશ્રી સ્થૂલિભદ્રજીએ આચાર્ય સંભૂતિવિજય પાસેથી ૧૧ અંગનું અધ્યયન કર્યું હતું. બાર વર્ષના દુષ્કાળ પછી ૧૨મા દૃષ્ટિવાદ અંગનું અધ્યયન આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી પાસે કર્યું હતું. શ્રી જિનશાસનના સંચાલનનો ભાર આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી પછી તેમના ઉપર આવ્યો હતો.

આર્ય સ્થૂલિભદ્ર બ્રાહ્મણપુત્ર હતા. તેઓ ગૌતમ ગોત્રના હતા. તેમનો જન્મ વીરનિર્વાણ સં. ૧૧૬માં પાટલીપુત્રમાં થયો હતો. ત્યારે પાટલીપુત્ર મગધની રાજધાની હતું. શ્રી સ્થૂલિભદ્રના પિતાનું નામ શકડાલ અને માતાનું નામ લક્ષ્મી હતું. શકડાલને નવ સંતાન હતાં. સ્થૂલિભદ્ર અને શ્રીયક નામે બે પુત્રો અને યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા નામે સાત પુત્રીઓ હતી. સ્થૂલિભદ્રના પિતા શકડાલ ૯મા નંદ રાજાના મહા-અમાત્ય હતા. તેમના બુદ્ધિકૌશલ્યથી નંદસામ્રાજ્યની યશકીર્તિ ચારે તરફ ફેલાઈ હતી. સ્થૂલિભદ્રની માતા લક્ષ્મી ધર્મપરાયણ, સદાચારસંપન્ન અને શીલાલંકારધારિણી નારીરત્ન હતી. બુદ્ધિશાળી પિતાનાં સંતાન પણ બુદ્ધિસંપન્ન હોય એમાં આશ્ચર્ય નથી. શકડાલનાં બધાં સંતાનો બુદ્ધિસંપન્ન હતાં. સાતે પુત્રીઓની તીવ્ર સ્મરણશક્તિ આશ્ચર્યકારક હતી. પહેલી પુત્રી એક વારમાં, બીજી પુત્રી બે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વારમાં, એમ અનુક્રમે સાતમી પુત્રી સાત વારમાં નહિ સાંભળેલો શ્લોક સાંભળીને કંઠસ્થ કરી લેવામાં અને જેવો હોય તેવો જ તત્કાલ બોલી જવામાં સમર્થ હતી.

સ્થૂલિભદ્ર શકડાલના વિદ્યાસંપન્ન પુત્ર હતા; પણ તે વ્યવહારદક્ષ, ચતુર અને રાજપટુ ન હતા. તેને આ શિક્ષણ માટે મંત્રી શકડાલે ગણિકા કોશાને ત્યાં મોકલ્યા. કામકલાથી સર્વથા અજાણ સોળ વર્ષના નવયુવાન સ્થૂલિભદ્રનું ભાવુક મન, જ્ઞાનપ્રાપ્તિને બદલે, કોશા ગણિકાના અનુપમ રૂપ ઉપર પૂર્ણપણે મુગ્ધ બની ગયું. સ્થૂલિભદ્રના જીવનથી મંત્રી શકડાલને બોધપાઠ મળ્યો. પોતાના નાના પુત્ર શ્રીયકને કોઈ ઠેકાણે મોકલવાની ભૂલ ન કરી. રાજતંત્રનો બોધ આપવા માટે શકડાલે તેને પોતાની પાસે રાખ્યો, અને રાજ્યસંચાલનનું શિક્ષણ આપ્યું. બુદ્ધિ-કુશળ શ્રીયક નંદરાજાનું પ્રિયપાત્ર બન્યો.

મગધનો વિદ્વાન કવીશ્વર વૈયાકરણશિરોમણિ દ્વિજોત્તમ વરરુચિ રાજા નંદના રાજ્યમાં પોતાની પ્રતિષ્ઠા સ્થાપવા માટે પ્રયાસ કરી રહ્યો હતો. તે હંમેશાં રાજાની પ્રશંસાના ૧૦૮ શ્લોક રાજસભામાં સંભળાવતો હતો. પણ મહા-અમાત્ય શકડાલ તેની પ્રશંસા માટે એક પણ શબ્દ ઉચ્ચારતો ન હતો. શકડાલ મંત્રી પ્રશંસા કરે તો જ નંદરાજા પુરસ્કાર આપે એમ તે જાણતો હતો. એક વખત વરરુચિએ એક યોજના વિચારી. તે શકડાલની પત્ની લક્ષ્મીને પોતાની કવિતા સંભળાવવા માંડ્યો. લક્ષ્મી વિદુષી નારી હતી. વિદ્વાન વરરુચિના કાવ્યમય શ્લોક સાંભળી લક્ષ્મી પ્રભાવિત થઈ. તેણે વરરુચિને કહ્યું કે, "બ્રાહ્મણપુત્ર! મારા યોગ્ય કોઈ કાર્ય હોય તો કહો." વિદ્વાન વરરુચિએ નમ્ર થઈને કહ્યું કે, "ભગિની! મહા-અમાત્ય શકડાલ મારા શ્લોકોની રાજા સમક્ષ પ્રશંસા કરે તેવું કરો." એમ કહી વરરુચિ પોતાના ઘેર ગયો.

મંત્રીપત્નીએ એક દિવસ અવસર જોઈ મંત્રીશ્વરને કહ્યું કે, "આપ વરરુચિના શ્લોકોની રાજા સમક્ષ પ્રશંસા અવશ્ય કરો." વિવેકી અને દીર્ઘદર્શી મંત્રીશ્વરની ઇચ્છા ન હતી પરંતુ પત્નીના કહેવાથી પોતાનો વિચાર બદલ્યો. બીજે દિવસે વરરુચિ જ્યારે નંદરાજા સામે શ્લોકો બોલી રહ્યો હતો ત્યારે શકડાલ મંત્રીએ કહ્યું—'अहो सुभाषितम्!" શકડાલના શબ્દો સાંભળી રાજા નંદે વરરુચિ સામે કૃપાદૃષ્ટિથી જોયું. તે દિવસથી વિદ્વાન વરરુચિને ૧૦૮ શ્લોકોના બદલામાં ૧૦૮ સુવર્ણમુદ્રાઓનો પુરસ્કાર મળવા લાગ્યો. પોતાની યોજના સફળ થવાથી વરરુચિ અતિ પ્રસન્ન થયો. પ્રતિદિન ૧૦૮ સુવર્ણમુદ્રાઓ રાજા નંદ દ્વારા પુરસ્કારરૂપે વરરુચિને અપાતી જોઈ મહા-અમાત્ય શકડાલ ચિંતાગ્રસ્ત થયો. રાજ્યનું સંચાલન અર્થથી થાય છે. અર્થતંત્રની ઉપેક્ષા કરનાર કોઈ રાજ્ય શક્તિમાન થઈ શકતું નથી. અર્થવ્યય પર વિચારવિમર્શ કરી એક વખત મહાઅમાત્યે રાજા પાસે નિવેદન કર્યું કે—"રાજન્! વરરુચિને પ્રતિદિન ૧૦૮ સુવર્ણ મહોરો શા માટે પુરસ્કારરૂપે આપો છો?"

રાજા નંદે કહ્યું કે—"તમે પ્રશંસા કરી તેથી વરરુચિને આ દાન આપવામાં આવે છે. અમારે જો એ આપવાનું હોત તો શરૂઆતથી જ આપ્યું હોત." શકડાલે નમ્ર બની કહ્યું કે, "રાજન્! એ આપની કૃપા છે. મેં એટલું જ સન્માન આપ્યું હતું. મેં શ્લોકોની પ્રશંસા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કરી હતી, વરરુચિની વિદ્વત્તાની નહિ. વરરુચિ જે શ્લોક બોલે છે તે પોતાની રચના નથી." તે સાંભળી નંદ રાજાએ પૂછ્યું કે—"મંત્રીશ્વર! એ કેમ બની શકે?" પોતાના કથનની ભૂમિકા મજબૂત કરતાં મંત્રીશ્વરે કહ્યું કે—"વરરુચિ જે શ્લોકો બોલે છે તે મારી સાતે પુત્રીઓ પાસેથી તમે તત્કાલ સાંભળી શકો છો." મંત્રીએ આગળ વધીને કહ્યું કે—"તમારો આદેશ મળશે કે તરત જ આપની સમક્ષ આ વાત સાબિત કરીશ." મંત્રીશ્વરની આ વાત સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો.

બીજે દિવસે મંત્રીએ રાજાની નજીક પડદા પાછળ પોતાની સાતે પુત્રીઓને બેસાડવાની વ્યવસ્થા કરી. પંડિત વરરુચિ હંમેશ મુજબ ૧૦૮ શ્લોકો બોલ્યો. તે શ્લોકો યક્ષા વગેરે બહેનો ક્રમસર તે પ્રમાણે જ બોલી ગઈ. મંત્રી શકડાલને પોતાના કાર્યમાં સફળતા મળી. મહાઅમાત્યની યોજનાએ નંદ રાજાની દૃષ્ટિમાં વરરુચિનું મહત્ત્વ ક્ષીણ કરી નાખ્યું. વિદ્વાન વરરુચિ રાજાનો કોપપાત્ર બન્યો. તે દિવસથી તેને મળતો ૧૦૮ સુવર્ણમુદ્રાનો પુરસ્કાર બંધ થઈ ગયો. વરરુચિના મનમાં મહામંત્રી પ્રત્યે બદલો લેવાની ભાવના જાગી. લોકસમુદાય ઉપર પોતાનો પ્રભાવ સ્થાપિત કરવા કપટપૂર્વક તે ગંગા પાસેથી ધનરાશિ પ્રાપ્ત કરવા લાગ્યો. સવારમાં કેડ સમાણાં પાણીમાં ઊભો રહી વિદ્વાન વરરુચિ ગંગાની સ્તુતિ કરતો અને એ જ વખતે લોકોની ભીડ સામે ગંગાના પ્રવાહમાંથી એક હાથ બહાર આવતો હતો અને યંત્રપ્રયોગથી ૧૦૮ સુવર્ણમુદ્રાઓની થેલી વરરુચિને આપતો હતો. આ બધી ગોઠવણી વરરુચિ દ્વારા રાત્રિના સમયે કરવામાં આવતી હતી. તે રાત્રિના સમયે ગંગામાં યંત્ર સ્થાપન કરતો હતો. તેની સાથે ૧૦૮ સોનામહોરોની થેલી પણ રાખી દેતો હતો. સવારે કેડ સુધી પાણીમાં ઊભો રહી લોકસમુદાયની સામે ગંગાનો સ્તુતિપાઠ કરતો તે વખતે પગથી યંત્રને દબાવતો અને દબાવવાની સાથે યંત્ર દ્વારા સુવર્ણમુદ્રાઓની થેલી વરરુચિ સામે પાણીમાં બહાર આવતી. થેલી લઈને તે પગનું દબાણ ઢીલું કરતો તેથી યંત્ર પાણીમાં અદૃશ્ય થઈ જતું. લોકદૃષ્ટિમાં વરરુચિ ઉપર ગંગાની કૃપા આશ્ચર્યજનક થઈ. નગરમાં આ અપૂર્વ દાનની વાત ફેલાઈ. એક દિવસ આ વાત રાજાના કાન સુધી પહોંચી. મંત્રણા સમયે રાજા નંદે શકડાલને કહ્યું કે—"અમાત્ય! ગંગાદેવી પ્રસન્ન થઈને વરરુચિને ૧૦૮ સુવર્ણમુદ્રાનું દાન કરી રહી છે. ઘટનાની સચ્ચાઈ જાણવા આવતી કાલે સવારે એ જોવા માટે હું ઇચ્છા રાખું છું."

મંત્રીએ રાજાના આદેશનો આદર કર્યો. નંદ રાજા ગંગાતટ પર પધારવાના છે એ વાત આખા નગરમાં ફેલાઈ ગઈ. અમાત્ય આ રહસ્યમય ઘટનાની પૃષ્ઠભૂમિ સારી રીતે જાણી લેવા ઇચ્છતા હતા. રાત્રિના સમયે મંત્રીના આદેશથી એક ચતુર ગુપ્તચર ગંગાતટ પર પહોંચી ગયો. વૃક્ષોની પાછળ પક્ષીની જેમ અંગ સંકોચી બેસી ગયો. તેણે વરરુચિની કાર્યવાહી જોઈ. રાત્રિના નીરવ વાતાવરણમાં ધીમી ગતિએ ચાલતો વરરુચિ આવ્યો. પાણીની અંદર કોઈ વસ્તુ મૂકીને ચાલ્યો ગયો. વરરુચિના ચાલ્યા ગયા બાદ ગુપ્તચરે પાણીમાં પ્રવેશ કરી તે વૃત્તાંતની પૂર્ણ જાણકારી મેળવી લીધી અને યંત્રની અંદર થોડા સમય પહેલાં મૂકેલી ૧૦૮ સુવર્ણમુદ્રાની થેલી લઈ મંત્રી શકડાલ પાસે આવી ગયો; અને વરરુચિની રહસ્યમય ઘટનાનો ભેદ શકડાલ પાસે ખુલ્લો કર્યો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા દિવસે સવારે રાજપરિવાર સાથે નંદ રાજા ગંગાતટે આવ્યો. હજારો નગરજનો પણ આ વિસ્મયજનક દૃશ્ય જોવા આવ્યાં હતાં. વરરુચિએ ઘણા જ ઉલ્લાસપૂર્વક ગંગાની સ્તુતિ કરી. બન્ને પગ યંત્ર ઉપર દબાવ્યા. ગંગાનું પાણી એક હાથ ઉપર આવ્યું ને નીચે પડ્યું, પણ તેમાંથી વરરુચિને એક પણ સુવર્ણમુદ્રા મળી નહિ. આ ઘટનાથી તે અત્યંત લજ્જિત થયો. શકડાલ મંત્રીએ આગળ આવીને કહ્યું કે—"બ્રાહ્મણપુત્ર! તમારી ૧૦૮ સુવર્ણમુદ્રાની રાશિ આ રહી, જે તમે રાત્રે જાતે યંત્રની અંદર ગંગામાં મૂકી ગયા હતા. દુનિયાની આંખોમાં કેટલોક સમય ધૂળ નાંખી શકાય છે, હંમેશ માટે નહિ."

ગંગાદાનનો ગુપ્તભેદ ખૂલી જવાથી નાગરિક જનોમાં વિદ્વાન વરરુચિની ભયંકર અપકીર્તિ થઈ. શકડાલ મંત્રી દ્વારા વરરુચિનો બીજી વાર પરાજય થયો. આથી વરરુચિના મનમાં તેનો બદલો લેવાની આગ પ્રજ્વલિત થઈ. ક્યારેક નાનો શત્રુ પણ મહાવિનાશનું કારણ બને છે. વિદ્વાન વરરુચિ શકડાલના વિનાશનો ઉપાય શોધવા લાગ્યો. શકડાલ મંત્રી પોતાના પુત્ર શ્રીયકના વિવાહ વખતે રાજા નંદનું પોતાના આંગણામાં વિશેષ સન્માન કરવા ઇચ્છતો હતો. તે માટે રાજસન્માનને યોગ્ય અલંકારો, શસ્ત્રાસ્ત્રો આદિ ગુપ્તપણે તૈયાર કરાવતો હતો. શુભ ભાવનાથી કરવામાં આવતો મંત્રી શકડાલનો આ પ્રયત્ન વરરુચિની વૈરભાવનાને સાકાર કરવામાં પ્રબલ નિમિત્ત બન્યો. શકડાલની દાસી પાસેથી વિદ્વાન વરરુચિને આ ભેદ જાણવા મળ્યો. તેણે વિચાર કર્યો કે, શકડાલનો બદલો લેવાનો આ ઉત્તમ અવસર છે. તેણે બાળકોને લાડુ આપી ઉત્સાહિત કર્યા અને સ્થાને સ્થાને નીચેનો શ્લોક બાળકો પાસે બોલાવવા લાગ્યો: "**एहु लोउ न वियाणाइ जं शयडालु करे सइ। नन्दु राउ मारेविणु सिरिओ रज्जि ठवेसइ॥**—શકડાલ જે કામ કરી રહ્યા છે તે લોક જાણતા નથી. રાજા નંદને મારીને શકડાલ શ્રીયકને રાજસિંહાસન પર બેસાડશે."

બાળકોને વરરુચિએ આ શ્લોક કંઠસ્થ કરાવ્યો અને લાડુને લોભે બાળકો એ શ્લોક દરેક સ્થાને બોલવા લાગ્યાં. સ્ત્રીઓને પણ વારંવાર ઉચ્ચારાતા આ શ્લોકને સાંભળી આ શ્લોક કંઠસ્થ થઈ ગયો. કેટલીક વખત બહુ કહેવાયેલી ખોટી વાત પણ સાચી હોય તેમ લાગે છે. આ ઘટનામાં પણ તેમ બન્યું. બાળકો અને સ્ત્રીઓનાં મુખેથી ગવાતા આ શ્લોકના ધ્વનિઓ રાજા નંદના કાન સુધી પહોંચ્યા. તેના મનમાં વિચારોનું ઘમસાણ ચાલ્યું. મગધેશ્વરે વિચાર્યું કે, શકડાલ ક્યારેય એવું કરી શકે નહિ. પણ બીજી જ ક્ષણે રાજાના વિચારો બદલાયા; તે વિચારવા લાગ્યો કે, માયાની મરીચિકા પોતાનું રૂપ બતાવી મનુષ્યને ભાન ભુલાવે છે. મંત્રી હોય કે રાજકુમાર હોય, કોઈનો અત્યધિક વિશ્વાસ કરવો યોગ્ય નથી. જ્યારે બુદ્ધિ તેને પ્રેરણા આપી રહી હતી કે, એક વખત આ વાતની તપાસ કરવી જોઈએ. રાજા નંદનો આદેશ મળવાથી ગુપ્તચર મંત્રીના ઘરે પહોંચ્યો અને પોતાના લક્ષિત ભેદની જાણકારી મેળવી પાછો ફર્યો. રાજા નંદને તેણે જે આંખે જોયું તે કહ્યું. મહા-અમાત્ય માટે મોતની ઘંટડી વાગવા લાગી. જે મંત્રી ઉપર રાજાને પૂર્ણ વિશ્વાસ હતો તે જ મંત્રી રાજાને શંકાસ્પદ થયો. શકડાલ સત્ય માર્ગે ચાલતો હોવા છતાં તેમના તરફનું વલણ બદલાયું. મંત્રીના ઘરે તૈયાર થતી યુદ્ધને યોગ્ય સામગ્રીએ નંદરાજાના મનને સંપૂર્ણપણે બદલી નાખ્યું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાતઃકાલીન કાર્યોથી પરવારી મંત્રી શકડાલ રાજસભામાં પહોંચ્યા. નમસ્કાર કરતી વખતે રાજાની મુખમુદ્રા અવળી જોઈ મહામંત્રી ચિંતાના સાગરમાં ડૂબી ગયા. તે જાણતા હતા કે રાજાના કોપનું પરિણામ કેટલું ભયંકર હોય છે! તેમની નજર સામે પોતાના પરિવારનો સમસ્તપણે વિનાશ ભયંકર રૂપે તરવરવા લાગ્યો. આ અપકીર્તિથી બચવા માટે અને સમસ્ત પરિવારને વિનાશમાંથી બચાવી લેવા માટે તેમને પોતાના પ્રાણનો ત્યાગ કરવા સિવાય બીજો માર્ગ ધ્યાનમાં ન આવ્યો. તેમણે પોતાના ઘેર આવી પુત્ર શ્રીયકને કહ્યું કે, "વત્સ! કોઈક ચાડિયાના પ્રયત્નથી આપણા પરિવાર માટે સંકટનો સમય ઉપસ્થિત થયો છે. આપણને બધાને મોતના ઘાટે ઉતારવાનો રાજકીય આદેશ ગમે તે ક્ષણે આવી શકે તેમ છે. પરિવારની રક્ષા અને યશ નિષ્કલંક રાખવા માટે મારા જીવનનું બલિદાન આવશ્યક છે. એ કાર્ય હે પુત્ર! તારે જ કરવું પડશે. આથી હું જ્યારે રાજાના ચરણોમાં નમસ્કાર કરું તે જ વખતે તારે નિશ્ચલ બની તીક્ષ્ણ તલવારથી મારો શિરચ્છેદ કરવો પડશે. આવા સમયે પ્રાણનો મોહ તે અદૂરદર્શિતાનું પરિણામ સાબિત થશે!"

પિતાની વાત સાંભળી શ્રીયક સ્તબ્ધ બની ગયો. થોડી વાર વિચાર કરી તે બોલ્યો કે—"પિતાજી! પિતૃહત્યાનું આ નીચ કાર્ય મારાથી કેવી રીતે સંભવી શકે?" પુત્રની દુર્બલતાનું સમાધાન કરતાં શકડાલે કહ્યું કે—"હે વત્સ! હું નમન કરતી વખતે મોંમાં તાલપુટ વિષ રાખીશ. તેથી તું પિતૃહત્યાના દોષનો ભાગીદાર થઈશ નહિ." રાજભયથી ત્રસ્ત પિતાની સામે શ્રીયકને પિતાનો આ કઠોર આદેશ અન્ય-મનસ્ક ભાવથી સ્વીકારવો પડ્યો.

પિતાપુત્ર બન્ને રાજસભામાં આવ્યા. રાજનીતિકુશળ મંત્રી શકડાલ મસ્તક નમાવી રાજા નંદને પ્રણામ કરવા લાગ્યો; ત્યારે બુદ્ધિમાન શ્રીયકે પિતાના નમન કરવા યોગ્ય મસ્તકને શસ્ત્ર-પ્રહારથી ધડથી જુદું કરી નાખ્યું. આ ઘટનાએ એક જ ક્ષણમાં રાજા નંદના વિચારોમાં ઊથલ-પાથલ મચાવી દીધી. શ્રીયકની સામે પોતાનાં રક્તનેત્રોથી જોતાં રાજા નંદે કહ્યું કે—"વત્સ! તેં આ શું કર્યું?" શ્રીયકે નિર્ભીક સ્વરોમાં કહ્યું કે—"રાજન્! આપની દૃષ્ટિમાં જે રાજદ્રોહી દેખાય તે ભલે પિતા હોય, તો પણ નંદનો મંત્રીપરિવાર તેને સહન કરી શકતો નથી." શ્રીયકની રાજપરિવાર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા જોઈ નંદની પાસે મહા-અમાત્ય શકડાલની અતૂટ રાજ-ભક્તિનું ચિત્ર ઉપસ્થિત થયું. રાજ્યની સુરક્ષા માટે તેણે કરેલી સેવાઓ રાજા નંદના મસ્તકમાં તરવરવા લાગી. અતીતનું વર્તમાનમાં પરિવર્તન થઈ શકતું નથી. સુદક્ષ મંત્રીને ખોઈ દેવાથી રાજાનું મન ભારે ખિન્ન થઈ ગયું. મહા-અમાત્ય શકડાલનો રાજસન્માન સાથે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

મહામંત્રી શકડાલની ઔર્ધ્વદૈહિક ક્રિયા કર્યા પછી રાજા નંદે શ્રીયકને કહ્યું કે—"વત્સ! તમે સર્વ વ્યાપારસહિત મંત્રીમુદ્રાને ગ્રહણ કરો." ત્યારે શ્રીયકે નમ્ર સ્વરે કહ્યું કે—"મગધેશ! મારા પિતાતુલ્ય વડીલ ભ્રાતા કોશા ગણિકાને ત્યાં નિવાસ કરી રહ્યા છે. તેમણે આજે ભોગો ભોગવવામાં બાર બાર વર્ષ વિતાવ્યાં છે. તેઓ જ ખરેખર આ પદને યોગ્ય છે."

રાજા નંદનું નિમંત્રણ સ્થૂલિભદ્ર પાસે પહોંચ્યું. તેણે પિતૃહત્યાનો સઘળો વૃત્તાંત જાણ્યો. રાજાની આજ્ઞાથી સ્થૂલિભદ્રે પ્રથમ વાર કોશાના પ્રાસાદમાંથી બહાર પગ મૂકયો. તે મસ્ત ચાલથી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલતો રાજા નંદ સમક્ષ ઉપસ્થિત થયો. તેનું તેજસ્વી કપાળ સૂર્યના પ્રકાશને પણ પ્રતિહત કરી રહ્યું હતું. તેની મનોરમ આકૃતિ સર્વની દૃષ્ટિને તેની તરફ આકર્ષી રહી હતી. રાજા નંદ દ્વારા તેને મહા-અમાત્યપદને અલંકૃત કરવાનો આદેશ મળ્યો. તે રાજાના આદેશ પર વિચાર વિમર્શ કરવા અશોકવાટિકામાં ગયો. વૃક્ષ નીચે બેસી વિચારવા લાગ્યો કે, "ઉચ્ચમાં ઉચ્ચ સ્થાન પર પ્રતિષ્ઠિત અને રાજ્યનું સ્વયં સંચાલન કરનાર એવા રાજપુરુષને સર્વ પ્રકારે રાજ્યને સમર્પિત થવા છતાં પણ છિદ્રાન્વેષી પિશૂન લોક તેમના માર્ગમાં ઉપદ્રવ કરવા તત્પર થતા હોય છે, તેથી તેને સુખનો અનુભવ ક્યાંથી થાય?" સ્થૂલિભદ્રની સમક્ષ ભૂતકાળનું ચિત્ર દેખાવા લાગ્યું. શ્રીયકના લગ્નપ્રસંગે રાજા નંદનું સન્માન કરવા માટે તૈયાર કરવામાં આવેલ છત્ર, ચામર, વિવિધ શસ્ત્ર આદિ સામગ્રીની સૂચના પામીને વરરુચિ દ્વારા કરાયેલ ષડ્યંત્ર, નંદરાજાનો શકડાલ મંત્રી પર રાજ્ય છીનવી લેવાનો સંદેહ, રાજાની દૃષ્ટિમાં સમગ્ર મંત્રી પરિવારનો નાશ કરવાનું સ્વરૂપ, લઘુભ્રાતા શ્રીયક દ્વારા નંદરાજાની સામે તેમના વિશ્વાસુ મંત્રીની હત્યા, આદિ વિવિધ પ્રસંગોની સ્મૃતિથી સ્થૂલિભદ્ર કંપાયમાન થયા. સંસારની અસારતા સ્પષ્ટ થઈ. તેમને પરમ વૈરાગ્ય થયો અને સંયમમાર્ગ અંગીકાર કરવાનો નિર્ણય કરી, કેશનો લોચ કરી, સાધુમુદ્રામાં સ્થૂલિભદ્ર રાજા નંદની સભામાં આવી પહોંચ્યા.

રાજાએ પૂછ્યું, "आलोचितम्? (વિચારી લીધું?)"

સ્થૂલિભદ્રજીએ કહ્યું, "आलोचितम्। (હા, લોચ કરી લીધો.)"

શ્રી સ્થૂલિભદ્રના વિચારો જાણી પ્રજાજનો અવાક થઈ ગયા. શ્રીયકે પણ તેમને પોતાના વિચાર બદલવા આગ્રહ કર્યો. પરંતુ શ્રી સ્થૂલિભદ્ર પોતાના વિચારોમાં મક્કમ હતા. તેઓ પરિજનોનો ત્યાગ કરી, ધીરગંભીર મુદ્રામાં અજ્ઞાત દિશા તરફ આગળ વધ્યા. કદાચ, તે કોશા ગણિકાને ભવન તો નથી જઈ રહ્યા ને? તે જોવા માટે મગધનરેશે પોતાના બે ગુપ્તચરને તેમની પાછળ મોકલ્યા. ગુપ્તચરોએ આવીને કહ્યું કે, "તેઓ તો ગામ બહાર અટવી તરફ જતી કેડીએ ચાલ્યા ગયા છે. રસ્તામાં ગણિકાના ભવન તરફ જવાની ગલી આવી તો તે તરફ નજર પણ નાંખી નથી. વળી ગામ બહાર એક ઉકરડા પાસે કૂતરાનું મૃતક પડ્યું હતું અને તેની માથું ફાડી નાંખે તેવી દુર્ગંધ આવતી હતી, તે છતાં તેમણે ન તો પોતાની ચાલ ઝડપી કરી કે ન તો મોં આગળ કપડું રાખ્યું. એ જ ધીર અને શાંત ગતિથી તેઓ આગળ વધ્યા. જ્યારે અમે એ દુર્ગમ રસ્તે આગળ ન જઈ શક્યા ત્યારે પાછા ફર્યા." આ સાંભળીને રાજાને પોતાની માન્યતા માટે પશ્ચાત્તાપ થયો. નગરજનોને કેટલાય દિવસ સુધી સ્થૂલિભદ્રની સ્મૃતિ સતાવતી રહી.

અમાત્યપદનો ભાર શ્રીયક ઉપર આવ્યો. મગધનરેશ જે બહુમાન મહાન અનુભવી, રાજનીતિકુશળ, અંગત વિશ્વાસપાત્ર, રાજભક્ત, પ્રજાવત્સલ, મહા-અમાત્ય શકડાલને આપતા, તે જ સન્માન શ્રીયકને આપવા લાગ્યા. મહા-અમાત્ય શ્રીયકના સમર્થ વ્યક્તિત્વથી રાજ્યનું સંચાલન સારી રીતે ચાલી રહ્યું હતું. પરંતુ મહા-અમાત્ય શકડાલના અભાવમાં રાજા નંદના હૃદયમાં ઘણું દુઃખ હતું. એક દિવસ શોકસંતપ્ત મુદ્રામાં મગધનરેશે શ્રીયકની સામે સભામાં મંત્રીના ગુણોનું



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્મરણ કરતાં કહ્યું કે—"ભક્તિમાન, શક્તિમાન, મહામતિ, મહા-અમાત્ય શકડાલ ઇન્દ્રના મંત્રી બૃહસ્પતિની જેમ મારા મહામંત્રી હતા. દૈવયોગે તે આવી રીતે મૃત્યુ પામ્યા. આજે હું શું કરું? તેના વિના હું મારી સભાને શૂન્ય હોય એમ માનું છું." નંદ રાજાના આ શબ્દોએ સર્વ સભાસદોને મોહથી વિહ્વળ કર્યા.

જ્યારે આ બાજુ, સ્થૂલિભદ્રની વિરહવ્યથાથી કોશા પણ ઉદાસ રહેવા લાગી. તે આક્રંદ કરવા લાગી. મહા-અમાત્ય શ્રીયક રાજકાર્યમાં વ્યસ્ત હોવા છતાં ગણિકા કોશાને ધૈર્ય આપવા માટે તેની પાસે જતો ગણિકા કોશા મંત્રી શ્રીયક પાસેથી સાત્ત્વિક બોધ પ્રાપ્ત કરીને આશ્વાસન પામી દિવસો પસાર કરતી હતી.

વરરુચિની કપટપૂર્ણ નીતિ સર્વની સામે સ્પષ્ટ થઈ ગઈ હતી. શકડાલના મૃત્યુ પછી વરરુચિ સ્વચ્છંદવિહારી થઈને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરી રહ્યો હતો. ઉપકોશાના ભવનમાં તેનું નિર્વિઘ્ન આવાગમન શરૂ થઈ ગયું હતું. ખરાબ કાર્યનું પરિણામ અંતે અકલ્યાણકર જ આવે છે. મદિરાપાનના અતિસેવનથી વરરુચિનું દુઃખદ મરણ થયું.

સંસારવિરક્ત અમાત્યપુત્ર સ્થૂલિભદ્રનાં ગતિશીલ ચરણો આચાર્ય સંભૂતિવિજય પાસે પહોંચ્યા. તેમની પાસે વીરનિર્વાણ સં. ૧૪૬માં દીક્ષા લીધી. મુનિજીવનમાં પ્રવેશ પામી સ્થૂલિભદ્રજી સર્વના પ્રીતિપાત્ર બન્યા. તે વખતે તેમની વય ૩૦ વર્ષની હતી. આચાર્ય શ્રી સંભૂતિવિજયની મુનિમંડળીમાં શ્રી સ્થૂલિભદ્ર મુનિ વિનયવાન, ગુણવાન અને બુદ્ધિમાન મુનિ હતા. તેમણે આચાર્ય શ્રી સંભૂતિવિજય પાસે આગમસાહિત્યનું ગંભીર અધ્યયન કર્યું.

એક વખત વિનયવાન–ગુણવાન શ્રી સ્થૂલિભદ્ર મુનિએ પૂર્વપરિચિત કોશા ગણિકાના હિતની દૃષ્ટિથી તેના ભવનમાં ચાતુર્માસ કરવાની ઇચ્છા ગુરુ સમક્ષ વ્યક્ત કરી. આચાર્યશ્રી સંભૂતિવિજયે 'તથાસ્તુ' કહી સ્વીકૃતિ આપી. શ્રી સ્થૂલિભદ્ર મુનિ પોતાના સંકલ્પિત લક્ષ્ય તરફ ચાલ્યા. તેઓ કોશાની એ ચિત્રશાળામાં પહોંચ્યા કે જ્યાં તેમણે પહેલાં બાર વર્ષ વિષયભોગોમાં પસાર કર્યાં હતાં. કોશાએ શ્રી સ્થૂલિભદ્ર મુનિનું સ્વાગત કર્યું. શ્રી સ્થૂલિભદ્રમુનિએ ચિત્રશાળામાં ચાતુર્માસ કરવાની અનુજ્ઞા માગી. કોશી બોલી કે—"પ્રાણનાથ! આજે આપના આગમનથી હું ધન્ય બની. આ ચિત્રશાળા આપની જ છે આપ હર્ષપૂર્વક તેમાં નિવાસ કરો."

ગણિકા કોશાની અનુજ્ઞાથી ચિત્રશાળામાં મુનિ સ્થૂલિભદ્રના ચાતુર્માસનો પ્રારંભ થયો. લોકોની દૃષ્ટિમાં જે કામસ્થલ હતું તે ધર્મસ્થલ બની ગયું. કોશા સ્થૂલિભદ્રમુનિ માટે પ્રતિદિન ષટ્રસ ભોજન તૈયાર કરતી હતી. મૂલ્યવાન આભૂષણો પહેરી તેમની સામે આવતી હતી. વિવિધ ભાવોની રચના કરીને તેમની સામે નૃત્ય કરતી હતી. પૂર્વના ભોગોને યાદ કરાવી તેમને મુગ્ધ બનાવવા પ્રયત્ન કરતી હતી. પરંતુ શ્રી સ્થૂલિભદ્રમુનિ પોતાનાં વ્રતોમાં હિમાલયની જેમ અચલ હતા. તેમની મુખમુદ્રા પર બ્રહ્મચર્યનું તેજ ચમકતું હતું. કોશાનાં કામબાણો નિષ્ફળ નીવડયાં. તે શ્રી સ્થૂલિભદ્રમુનિની સંયમસાધના સામે નમી પડી અને એક દિવસ મસ્તક નમાવી કહેવા લાગી કે—"હે મુનિવર! મને ધિક્કાર છે. મેં આપને આપના વ્રતથી ચલાયમાન કરવા માટે જે જે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયત્નો કર્યા તે માટે મને ક્ષમા કરો." શ્રી સ્થૂલિભદ્ર મુનિએ કોશાને ધર્મોપદેશ આપ્યો. અધ્યાત્મનો મર્મ સમજાવ્યો. કોશા પણ જીવન-વિજ્ઞાનનું રહસ્ય સમજી વ્રતધારિણી શ્રાવિકા બની અને જીવનભર સંકલ્પિતા બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો. ચાતુર્માસ પૂર્ણ થયું. સ્થૂલિભદ્રમુનિ કસોટીમાં પાર ઊતર્યા. તેઓ આચાર્ય સંભૂતિવિજય પાસે પહોંચ્યા. આચાર્ય સંભૂતિવિજય સાત-આઠ ડગલાં સામે ગયા. 'મહાદુષ્કરકારક!' સંબોધન કરી કામવિજેતા સ્થૂલિભદ્રજીનું સન્માન કર્યું.

આચાર્ય સંભૂતિવિજય પછી એ યુગનું મહત્ત્વપૂર્ણ કાર્ય આગમવાચનાનું હતું. બાર વર્ષના દુષ્કાળના કારણે શ્રુતની ધારા છિન્નભિન્ન થઈ ગઈ હતી. તેનું સંકલન કરવા માટે પાટલીપુત્રમાં શ્રમણસંઘ ભેગો થયો. તેમાં શ્રી સ્થૂલિભદ્રની ઉપસ્થિતિમાં ૧૧ અંગોનું સંકલન સારી રીતે થયું. આગમજ્ઞાનના વિશાળ ભંડાર સ્વરૂપ 'દૃષ્ટિવાદ' (૧૨મું અંગ) કોઈને યાદ ન હતું. દૃષ્ટિવાદની અનુપલબ્ધિએ સર્વને ચિંતિત કર્યા. આચાર્ય સ્થૂલિભદ્રમાં અસાધારણ ક્ષમતા હતી. જ્ઞાનસાગરની આ મહાન ક્ષતિ દૂર કરવા માટે તેઓશ્રી સંઘના નિર્ણય મુજબ નેપાળમાં શ્રી ભદ્રબાહુસ્વામી પાસે ગયા. ત્યાં રહી ચૌદપૂર્વની જ્ઞાનરાશિને અત્યંત ધૈર્યની સાથે ગ્રહણ કરી અને શ્રુતધારાનું રક્ષણ કર્યું. આચાર્ય ભદ્રબાહુ પાસેથી દસ પૂર્વ અર્થ સાથે ગ્રહણ કર્યા; જ્યારે છેલ્લા ચાર પર્વની પાઠ-વાચના તેમને મળી. વીરનિર્વાણ સં. ૧૬૦ આસપાસ આ સર્વ પ્રથમ મહત્ત્વપૂર્ણ વાચના હતી. શ્રીભદ્રબાહુસ્વામી પછી વીરનિર્વાણ સં. ૧૬૦માં તેમણે આચાર્યપદ તેમ જ શ્રીસંઘનું નેતૃત્વ સ્વીકાર્યું અને વિવિધ પ્રકારે શાસન-પ્રભાવના કરી. શ્રમણસંઘમાં આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ જેવા પ્રભાવક આચાર્યો તેમના મુખ્ય શિષ્ય હતા.

આચાર્ય શ્રી સ્થૂલિભદ્ર ૩૦ વર્ષ સુધી ગૃહસ્થ જીવનમાં રહી, લગભગ ૭૦ વર્ષના ચારિત્રકાળમાં ૪૫ વર્ષ કુશળતાથી આચાર્યપદ સંભાળી, વૈભારગિરિ ઉપર ૧૫ દિવસ અનશન સ્વીકારી વીરનિર્વાણ સં. ૨૧૫માં સ્વર્ગવાસ પામ્યા. એમના સ્વર્ગવાસ સાથે જ છેલ્લા ચાર પર્વોનું જ્ઞાન વિચ્છેદ પામ્યું.

---

### દશ પૂર્વધર, વિશુદ્ધતમ શ્રમણાચારપાલક, જિનકલ્પતુલ્ય કઠિનતમ સાધનાના સાધક

## આચાર્યશ્રી આર્ય મહાગિરિસૂરિજી મહારાજ

આચાર્યશ્રી આર્ય મહાગિરિસૂરિ જૈન શ્વેતાંબર પરંપરાના યુગપ્રધાનાચાર્ય હતા. મહા-બુદ્ધિવાન, પરમ ત્યાગી અને નિરતિચાર સંયમના સાધક હતા. જિનકલ્પતુલ્ય સાધનાના વિશિષ્ટ સાધક હતા. તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના શાસનમાં પટ્ટપરંપરામાં તેમનો ક્રમ નવમો છે.

આર્ય મહાગિરિજીના ગુરુ આચાર્ય સ્થૂલિભદ્રજી હતા. આચાર્ય સ્થૂલિભદ્રજી આચાર્ય સંભૂતિવિજયના શિષ્ય હતા; અને આચાર્ય ભદ્રબાહુસ્વામીના ઉત્તરાધિકારી હતા. આર્ય મહાગિરિને પોતાના ગુરુ શ્રી સ્થૂલિભદ્રજીનો ઉત્તરાધિકાર પ્રાપ્ત થયો હતો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org